


# પ્રજ્ઞા અભિગમ અંતર્ગત

# પૂરક વાચન સાહિત્ય

# માઈલસ્ટોન – ૧ થી ૮

# (પુનરાવર્તન)

# <u>નિર્માણ</u>

## રાજેશકુમાર એસ. પટેલ

ડીસ્ટ્રીકટ પેડાગોજી કો ઓર્ડીનેટર

સર્વ શિક્ષા અભિયાન, આણંદ


**Lots of Information About Primary Education – Visit this Site**

**www.pgondaliya.com**

**Puran Gondaliya - Porbandar**

| | |
|---|---|
| દાઝ | હેત |
| ઝાડ | મેઘ |
| ઘાસ | કેળ |
| વાઘ | દેહ |
| હાર | પેટ |

| | |
|---|---|
| કોળી | દીવાળી |
| હોળી | વાદળી |
| ટોળી | ચાળણી |
| ગોળી | ગળણી |
| ચોળી | કાચબી |

| | |
|---|---|
| વાંદરો | વાંસળી |
| કાંકરો | ડુંગળી |
| ગાંધીજી | પૂંછડી |
| ગાંઠિયા | ચૂંદડી |
| આંબલી | સુંદરી |

| | |
|---|---|
| લૂંટ | સૂંઠ |
| સૂંઢ | ફૂંક |
| ભૂંડ | હૂંફ |
| ગૂંચ | ઝૂંડ |
| થૂંક | ખૂંટ |

| | |
|---|---|
| રિવાજ | દીકરી |
| તિરાડ | બકરી |
| દિનાર | પીપર |
| દિવસ | ઈનામ |
| કિનાર | તાપણી |

# પગલું ૧

નમ.

કનક, નમ.

નમન કર.

કનક, નમન કર.

મકન, નમન કર.

| | |
|---|---|
| મન | નરમ |
| રમ | કમર |

# પગલું ૨

રમ.

રતન, રમ.

રતન, રમત રમ.

જનક, રમત રમ.

જમ.

જનક. જમ.

કદમ, જમ.

ગરમ ગરમ જમ.

| | | | | |
|---|---|---|---|---|
| તજ | રજ | મગ | નગર | તરત |
| તર | જગ | દર | મગર | મદદ |

# પગલું ૩

જા.

રજા.

જા, રજા.

કર મજા.

મમતા, મજા કર.

જમના, મજા કર.

રજા રજા, મજા મજા.

| | | | | |
|---|---|---|---|---|
| કાન | કાકા | તાર | કાતર | ગાજર |
| નાક | મામા | માતા | નમાજ | તારક |
| કામ | દાદા | ગાજ | મકાન | મમરા |

# પગલું ૪

વડ

ચડ.

વડ પર ચડ.

પરાગ, વડ પર ચડ.

ચમન, વડ પર ચડ.

તારા, વડ પર ચડ.

જાદવ, વડ પર ચડ.

| | | | | |
|---|---|---|---|---|
| પગ | ડર | માપ | કામ | પવન |
| વન | રડ | તાવ | કાચ | કાપડ |
| ગામ | ચાખ | દાવ | જાગ | પાપડ |

# પગલું પ

લખ.

લખ લતા, નામ લખ.

જયા લખ.

માયા લખ.

નયના લખ.

સરલા લખ.

ચાર નામ લખ.

કાગળ પર ચાર નામ લખ.

ચાર નામ યાદ કર.

| | | | | |
|---|---|---|---|---|
| નખ | ગાય | વાળ | રાખ | વાદળ |
| નળ | ગાલ | દાળ | ચાખ | ખાતર |

| | | |
|---|---|---|
| લાલ | ગાલ | ચાક |
| કાળા | માળા | ગામ |
| ખાય | જાય | વાય |
| નાખ | રાખ | ચાખ |

પરાગ ગાયન ગાય.

ગાય ખડ ખાય.

જમના ગાજર ખાય.

ગરમ પવન વાય.

મમતા મમરા ખાય.

# પગલું ૬

ચાલ ચાલ; લાલા, ચાલ.
ગાલ તારા લાલ લાલ.
ચાખ ચાખ; માલા, ચાખ.
લાલ લાલ ગાજર ચાખ.
માલા ગાજર ખાય.
માયા દાડમ ખાય.
ગાલ તારા લાલ રાખ.
લખ રમા, લખ લખ.
નામ લખ; ગામ લખ.
દાદા પર કાગળ લખ.

| | | | | |
|---|---|---|---|---|
| વન | પવન | ગામ | માગ | નામ |
| રડ | કરડ | ગાજ | જાગ | કામ |
| મગ | મગજ | તાવ | વાત | તાલ |
| તર | તરત | દવા | યાદ | ચાલ |
| દળ | વાદળ | કાપ | પાક | વાલ |

| | |
|---|---|
| ચાદર લાવ | દાડમ ચાખ. |
| કાગળ લખ. | વાત કર. |
| યાદ કર. | ગાય લાવ. |
| તાવ માપ. | કાપડ કાપ. |
| તાલ વગાડ. | રામ લખ. |

મમતા, તલ લાવ.

મામા પર કાગળ લખ.

રમા, પાપડ ખા.

કાતર, કાપડ કાપ.

પવન, વાદળ લાવ.

# પગલું ૭

ગાડી

ગાડી ગાડી ગાડી

મીના, તારી નવી ગાડી.

કરીમ તારી નાની ગાડી.

નવી નવી ગાડી ચાલી.

નાની નાની ગાડી ચાલી.

પી... પી... કરતી ગાડી ચાલી.

| | | | | |
|---|---|---|---|---|
| વાડી | નદી | ગીત | ચકલી | દરજી |
| પાડી | દાદી | રીત | ચમચી | મરજી |
| નાડી | ગાદી | જીત | લાકડી | દાદાજી |

ગરમી પડી.
વીજળી ચમકી.
કળી ખીલી.
વાત કરી.
જમના ચમચી લાવી.

લીલા ખીર ખાય.
તરલા ગામ ચાલી.
ગીતા ગીત ગાય.
નવીન દાડમ ખાય.

| | | | | | |
|---|---|---|---|---|---|
| કાકા | ➔ | કાકી | ગળી | ➔ | ખીર |
| મામા | ➔ | મામી | લીલી | ➔ | વાડી |
| નાના | ➔ | નાની | કાળી | ➔ | ગાય |
| દાદા | ➔ | દાદી | નાની | ➔ | ચમચી |

# પગલું ૮

ઘર

ઘર ઘર રમ.

અમી, ઘર ઘર રમ.

છગન, ઘર ઘર રમ.

અમર, ઘર ઘર રમ.

અકબર, ઘર ઘર રમ.

| | | | |
|---|---|---|---|
| વાઘ | બદામ | ઘરાક | પાછડી |
| છરી | અનાજ | વાછડી | વાછડી |
| બતક | અલકા | માછલી | માછલી |

છરી વાગી.

બીક લાગી.

માછલી પકડી.

બદામ પડી.

ખબર આવી.

ખીચડી વઘારી.

# પગલું ૯

દાદા

આ મારા દાદા છે.

દાદા મને ગમે છે.

દાદા મને રેવડી આપે છે.

દાદા મને રમાડે છે.

મારા દાદાને નમન.

| | | | |
|---|---|---|---|
| એક | રેતી | કેરી | દેગડી |
| બે | દેવી | કેડી | ચમેલી |
| વેલ | દેરી | ડેલી | તપેલી |

| | | |
|---|---|---|
| રમે છે. | – | રમાડે છે. |
| લખે છે. | – | લખાવે છે. |
| જમે છે. | – | જમાડે છે. |
| ચડે છે. | – | ચડાવે છે. |
| આપે છે. | – | અપાવે છે. |
| કરે છે. | – | કરાવે છે. |

| | |
|---|---|
| આજે મામી આવી છે.<br>કેરી પાકી લાવી છે.<br>મારે બે ખાવી છે.<br>અમે રમીએ છીએ.<br>અમે લખીએ છીએ. | આ મારા મામા છે.<br>કાકા કામ કરે છે.<br>દાદા કેરી કાપે છે.<br>અમે રમીએ છીએ.<br>કાકી મને ગમે છે. |

# પગલું ૧૦

તારા
રાતે તારા તારા
આભ ભરીને તારા
રાતે તારા ચમકે છે.
રાતે તારા ઝબકે છે.
ઝગમગ ઝગમગ ઝબકે છે.
તારા તેજ આપે છે.
મને તારા ગમે છે.
જતીનને તારા ગમે છે.
સરલાને પણ તારા ગમે છે.

| | | | | |
|---|---|---|---|---|
| જીભ | ઝાડ | ભજન | લસણ | સમજ |
| ભણ | ડઝન | ભરત | વાસણ | કારણ |
| બસ | અભય | ઝડપ | કાસમ | માણસ |

| | | | |
|---|---|---|---|
| ભણ | મણ | લણ | ગણ |
| ભરે | ભારે | ભીડ | ભેળ |
| ઝેર | ઝાડ | માસી | દાઝ |
| બેસ | સાપ | નાઝ | માસા |

# પગલું ૧૧

વરસાદ

ઈલાને વરસાદ ગમે છે.

ઈકબાલને પણ વરસાદ ગમે છે.

ઈલા અને ઈકબાલ ગાય છે.

વરસ વરસ; મેહ, વરસ.

ધરતીને છે તરસ તરસ.

ધરતી માગે પાણી પાણી.

ઝરમર ઝરમર વરસ વરસ.

ટપટપ ટપટપ ટપક ટપક.

મેહ વરસે. ધરતી હરખે.

| | | | |
|---|---|---|---|
| હળ | ટપાલી | હરખ | ધમધમ |
| ધજા | ધમણ | હરણ | ટનટન |
| ઈનામ | ઈયળ | બટન | સાઈકલ |

| | | | |
|---|---|---|---|
| નળ | હાર | હળદર | હેમા |
| ટપાલ | ટાલ | વાટ | વટાણા |
| ધાન | ધન | વધારે | ધીરજ |
| ઈયળ | ઈલા | સાઈકલ | ઈનામ |

| | |
|---|---|
| ખેડે છે.<br>ખેતર ખેડે છે.<br>હળ વડે ખેડે છે. | ટપકે છે.<br>નળ ટપકે છે.<br>આ નળ ટપકે છે. |
| ગણે છે.<br>દાખલા ગણે છે.<br>ઈલા દાખલા ગણે છે. | |

# પગલું ૧૨

પંખી
રંગબેરંગી પંખી
આંગણે પંખી આવે છે.
ચકલી આવે છે.
કાબર આવે છે.
વસંત, દાણા નાખ.
ચકલી ચીં ચીં કરતી ચણે.
કાબર કલબલ કરતી ચણે.
દાણા ચણી પંખી રાજી.
પંખી રાજી, અમે રાજી.

| | | | |
|---|---|---|---|
| દંડ | ચાંચ | પલંગ | પંદર |
| ઘંટ | પાંખ | પતંગ | બંગડી |
| ડંખ | આંખ | છલંગ | જંગલ |

– સાઈકલ ચાલી સરરરર.
– ઘંટડી વાગી ટનટન.

– લાલ રંગ
– લાલ રંગનાં મરચાં
– લાલ રંગની બંગડી

– લીલા રંગનાં પાંદડાં
– પીળા રંગનો પતંગ
– કાળા રંગનાં પંખી

– કાન બંધ કર.
– આંખ બંધ કર.
– નાક બંધ કર.

# પગલું ૧૩

બાગ

આ ગામમાં બાગ છે.

બાગમાં ઘણાં ઝાડ છે.

ઝાડ પર ઘણાં પંખી છે.

પંખી દાણા ખાય છે.

પંખી ઈયળ પણ ખાય છે.

બાગમાં સરસ તળાવ છે.

તળાવમાં સરસ કમળ છે.

તળાવમાં માછલાં તરે છે.

કાચબા અને  બતક પણ તરે છે.

બતકને મમરા ભાવે છે.

બાળક બતકને મમરા આપે છે.

કાચબા પાણીમાં તરે છે.

તે ધીમે ધીમે તરે છે.

બાગમાં હરણ રમે છે.

હરણ ટપકાંવાળાં છે.

| | | | |
|---|---|---|---|
| કણ | હરણ | છબી | ટટાર |
| ગણ | ઝરણ | ઝારી | એક |
| મણ | લસણ | વીંછી | અમે |
| રસ | ધમણ | બેટ | ટાંકણી |

૧. રમણ કાગળ વાંચે છે.
૨. સાઈકલ ચલાવે છે.
૩. ભાભી ભાત લાવે છે.
૪. તારા ઝબકે છે.

– નીલાને તરસ લાગી છે.
– નીલા પાણી પીએ છે.

– ટપાલી સાઈકલ ચલાવે છે.
– ટપાલી ટપાલ આપે છે.

– દાદી હાર બનાવે છે.
– હાર ભગવાનને ચડાવે છે.

– દાદા ઘરડા છે.
– એ ધીરે ધીરે ચાલે છે.

– વરસાદ પડે છે.
– વરસાદ ઝરમર ઝરમર પડે છે.

– અમે રમીએ છીએ.
– અમને મજા પડે છે.
– રમા ઘર બનાવે છે.
– મનુ કાગળ લખે છે.
– બા બટન ટાંકે છે.
– કરસન ખેતર ખેડે છે.
– ઝાડ પર ધજા છે.

– ગાયના પગ કેટલા? <u>ચાર</u>
– તમારા પગ કેટલા? <u>બે</u>
– તમારે જીભ કેટલી? <u>એક</u>
– કાચી કેરી કેવી લાગે? <u>ખાટી</u>

# પગલું ૧૪

નદી

આ નદી છે.

આ અમારા ગામની નદી છે.

નદીમાં ઘણું પાણી છે.

નદી પર એક પુલ છે.

પુલ પર ઘણાં વાહન આવ–જા કરે છે.

કનુ, ઝટપટ નદીએ ચાલ.

રેણુ, જલદી નદીએ ચાલ.

નદીની રેતીમાં આપણે રમીએ.

આપણે રેતીનું ઘર બનાવીએ.

| | | | |
|---|---|---|---|
| કુલ | સુંદર | પાંદડું | બુધવાર |
| કાજુ | બકુલ | વાંદરું | ગુરુવાર |
| ચીકુ | ચતુર | ગુંદર | જાદુગર |

| |
|---|
| — એક ચતુર કીડી હતી.<br>— એનું નામ ઝીણી હતું.<br>— આંબા નીચે એનું દર હતું.<br>— એક વાર એના દરમાં પાણી ભરાયું.<br>— કીડી એક પાંદડા પર ચડી.<br>— પાંદડું વહેતું વહેતું ઝાડ પાસે ગયું.<br>— ઝીણી ઝાડ પર ચડી એટલે બચી ગઈ. |
| — હું પુલ પર દોડું છું.<br>— રેણું ચીકુ કાપે છે.<br>— હું પીંછાં ભેગાં કરું છું.<br>— મને લાડું ભાવે છે. |
| — હું સાઈકલ ચલાવું છું.<br>— કનુની પેન લાલ છે.<br>— હું મામાને કાગળ લખું છું.<br>— મારી પાસે બે પીંછાં છે. |

# પગલું ૧૫

ઉમા, આજે રજા છે.
તું અમારે બગીચે ફરવા ચાલ.
ભગીરથ, તું પણ આવ.
બગીચામાં જામફળનાં ઝાડ છે.
ઉમેદ, જામફળ ઉતાર.
ભગીરથ, પાથરણું પાથર.
આપણે બેસીને જામફળ ખાઈએ.
જામફળ ખાઈને રાજી થઈએ.
રાજી થઈને ઘેર જઈએ.

| | | | | |
|---|---|---|---|---|
| ફળ | ઈદ | બરફ | ઉપાડ | ફરસાણ |
| થડ | હાથ | ઈડલી | ઉધાર | ફરકડી |
| ઈસુ | સાથ | ફકીર | ઉજાણી | ઉતરાણ |

| | | | |
|---|---|---|---|
| ઉમા | ઉંમર | ઉછાળ | ઉકરડા |
| ઘઉં | ઉંદર | ઉઘાડ | ઉઝરડા |

| | | | | |
|---|---|---|---|---|
| ગુફા | બરફ | ફુંદરડી | ફરે | ફુઆ |
| ફાંસ | ફણસ | ફીણ | ફેણ | ફાફડા |

| | | | | |
|---|---|---|---|---|
| હાથી | રથ | કાથી | દશરથ | પથરા |
| થાળી | થડ | સાથી | થનથન | અથાણું |

| | | | |
|---|---|---|---|
| ઈંટ | ભાઈ | બાઈ | ઈસ |
| ઈંડું | રાઈ | ઈજા | ગઈ |

| | |
|---|---|
| બતકનું ઈંડું | કેરીનું અથાણું |
| પીતળની થાળી | કાગળની ફરકડી |
| ઝાડનું થડ | લાકડાનું ઘર |

– થાક લાગે બેસી જા.
– તરસ લાગે, પાણી પી.
– ઉધરસ આવે, દવા લે.
– સવારે નમન કર.
– સાંજે રમત રમ.
– રાતે ભજન કર.

– એક નાનું પંખી હતું.
– પાણીમાં મોટો મગર હતો.
– માળામાં પંખીનાં ઈંડાં હતાં.
– બધાં પંખી રાજી થયાં.

# પગલું ૧૬

સૂરજદાદા
સૂરજદાદા આવે છે.
તે અજવાળું લાવે છે.
ગામના કૂકડા જાગી ગયા છે.
કૂકડા કૂકડેકૂક કરવા લાગી ગયા છે.
દૂર દૂર ઝાલર વાગે છે.
ગાયનાં ધણ ચરવા નીકળે છે.
સૂરજદાદાને અમારાં વંદન.

| | | | |
|---|---|---|---|
| લૂમ | પૂનમ | ખજૂર | મજૂર |
| ફૂલ | પૂતળું | ખેડૂત | ભૂંગળ |
| મૂછ | કૂતરું | ખૂરપી | ચૂરમું |
| રૂ | રૂઝ | રૂમાલ | જમરૂખ |

– કૂતરાને ભૂખ લાગે છે.
– ઘામાં રૂઝ આવે છે.
– ચકલી ડાળી પર ઝૂલે છે.
– નદીમાં પૂર આવે છે.
– સસલું કૂણું ઘાસ ખાય છે.
– હું દૂધ પીવાનું ભૂલી ગઈ.

– કૂદે છે.
– વાંદરા કૂદે છે.
– વાંદરા છાપરા પર કૂદે છે.

– બાંધે છે.
– રૂમાલ બાંધે છે.
– છોકરાં આંખે રૂમાલ બાંધે છે.

– ભસે છે.
– કૂતરા ભસે છે.
– કૂતરા બકરી સામે ભસે છે.

# પગલું ૧૭

ચાલો, ફરવા ચાલો.
જુઓ, સામે ચકડોળ છે.
ચકડોળ ગોળ ગોળ ફરે છે.
આપણે બધાં ચકડોળમાં બેસીએ.
ચાલો, બધાનો વારો રાખો.
પહેલાં ગોપી, મોના અને ગોમતી બેસે.
ગોપાલ ને મોહન, તમે ચકડોળ ફેરવો.

| | | | | |
|---|---|---|---|---|
| બોર | પંખો | લખોટો | કોયલ | કોદાળી |
| ગોળો | કાંટો | ચોતરો | પોપટ | કોથળો |
| લોટો | ચાંદો | ખાટલો | ઉનાળો | કોગળો |

<table>
<tr><td>આ આંબો છે.<br>આંબા પર કોયલ છે.<br>કોયલ કુહૂ કુહૂ બોલે છે.</td><td rowspan="2">ધોળું ધોળું સસલું,<br>આ દોડે તેમ દોડે,<br>ડુંગર ઉપર ચડી જાય,<br>ગાજર ખાય,<br>પાણી પીએ.<br>રાત પડે સૂઈ જાય.</td></tr>
<tr><td>આ ચબૂતરો છે.<br>લોકો દાણા નાખે છે.<br>પંખી દાણા ચણે છે.</td></tr>
</table>

| | | |
|---|---|---|
| નાનો પંખો | → | નાનો પંખા |
| લાંબો ચોટલો | → | લાંબો ચોટલા |
| મોટો કાંટો | → | મોટો કાંટા |
| માંદો છોકરો | → | માંદો છોકરા |

# પગલું ૧૮

ગઢ

શરદ, ચાલ. ગઢ પર ચડીએ.
ગઢ પર ચડવું કઠણ છે.
હું ગઢ પર ચડીશ અને ઊતરીશ.
તું પણ ચડ અને ઊતર.

આ હોડી છે.
હોડીને સઢ છે.
હોડીથી નદી પાર કરી શકાય છે.
હોડી સરસર કરતી જાય છે.

| | | | |
|---|---|---|---|
| દેશ | શરીર | ઊધઈ | શરબત |
| પાઠ | ગરોળી | ઊજળું | ઊઠબેસ |
| સૂંઢ | ઢગલો | ઊભરો | શરણાઈ |

| |
|---|
| ઊંટની ડોક લાંબી હોય છે.<br>હાથીની સૂંઢ લાંબી હોય છે.<br>ગાયની પૂંછડી લાંબી હોય છે.<br>સસલાના કાન લાંબા હોય છે.<br>રીંછના વાળ લાંબા હોય છે.<br>બગલાની ચાંચ લાંબી હોય છે. |
| ખુરસીમાં દાદાજી બેઠા છે.<br>ઢોલ ઢમઢમ વાગે છે.<br>આપણે શરણાઈ સાંભળીએ.<br>સવારે વહેલાં ઊઠવું જોઈએ. |

# પગલું ૧૯

ખેડૂત ખેતી કરે.
મજૂર થોરની વાડ કરે.
દરજી કપડાં સીવે.
દરજી થીંગડું પણ મારે.
લુહાર દાતરડું ઘડે.
લુહાર ફરસી પણ બનાવે.
કડિયો મકાન ચણે.
તે ઈંટોથી ભીંત પણ ચણે.
ધોબી કપડાં ધુએ.
તે રેતી પર કપડાં સૂકવે.
માળી ઝાડ ઉછેરે.
ઝાડ અમને ફળ આપે.
મોચી જોડાં સીવે.
મોચી બૂટને પાલીસ કરે.
કુંભાર માટીનાં વાસણ ઉતારે.
તે નાનકડી કુલડી ઉતારે.

| | | |
|---|---|---|
| ઊંઘ | ફોઈ | શાળા |
| રસોઈ | થોકડી | શેઠ |
| પૂરી | શોભા | ઊધઈ |
| દડો | ઉંદર | કપડું |
| ફોજ | શાક | પૂજા |
| ઊનું | ઊન | ઠોઠ |
| શોખ | ઢીલ | લખોટી |
| થૂલી | મકાઈ | ઉપાય |

એક હતો તોફાની હાથી.
એના હતા ચાર–પાંચ સાથી.
જંગલમાં એ ફરતા ફરે.
ફાવે તેમ ડાળીઓ તોડે.
તાકાત એમની એટલી બધી;
કોઈ ન રોકે એમને કદી.
પંખીના તો માળા પડે.
ઈંડા એમના ભાંગી પડે.
બધાં પંખી ભેગાં થયાં.
હાથી સામે દોડી ગયાં.
વાત જાણે આમ બની;
બધાએ હાથીને ચાંચ મારી.
આથી હાથી ગભરાયા;
જંગલ છોડીને ભાગી ગયા.
બધાં પંખી રાજી થયાં.

| | | |
|---|---|---|
| જમ | → | જમણ |
| વાંચ | → | વાચન |
| ગા | → | ગાયન |
| નમ | → | નમન |

| | | |
|---|---|---|
| દળ | → | દળણું |
| ગળ | → | ગળણું |
| ઝૂલ | → | ઝૂલણું |
| તાપ | → | તાપણું |

# પગલું ૨૦

વિમાન

અમે રોજ અગાસીમાંથી વિમાન જોઈએ.
હું અને બહેન વિમાનની રાહ જોઈએ.
દૂર વિમાન દેખાય એટલે ખુશ થઈએ.
દિવસે આખું વિમાન દેખાય.
રાતે એના દીવા જ ઝબૂકતા દેખાય.
વિમાનમાં બેસી ઊંચે ઊડવાનું કોને ન ગમે?
હું મોટો થઈ વિમાન ચલાવીશ.

| | | | |
|---|---|---|---|
| બિલાડી | રેડિયો | શનિવાર | ગલૂડિયું |
| ઘોડિયું | શિયાળો | દિવાળી | પિચકારી |
| શિખંડ | ઠળિયો | ચીપિયો | ઘડિયાળ |

| |
|---|
| આ અમારી નિશાળ છે.<br>એનું વિશાળ મેદાન છે.<br>દરિયામાં વહાણ ચાલે.<br>ઘોડિયામાં બહેન સૂએ.<br>દિવસે અજવાળું હોય.<br>મારી પાસે બે રૂપિયા છે. |
| રેડિયો સાંભળો.<br>શિયાળ જુઓ.<br>નિશાળ છૂટી. |

| | | | |
|---|---|---|---|
| નિશાળ | વિશાળ | સિપાઈ | રૂપિયો |
| ગાંઠિયા | રેંટિયો | દિવસ | ઘોડિયું |
| શિયાળ | કિનારો | દરિયો | પિતાજી |

# પગલું ૨૧

ચૈતર વૈશાખ
ચૈતર વૈશાખ બે મહિના
ચૈતરમાં ખીલે ફૂલ.
વૈશાખે આવે આંબા.
કોયલ ટહુકે મીઠે રાગે.
નાચે થૈ થૈ મોર.
ગામ ગામનાં ખેડું–છૈયાં;
ખેતર ખેડે જુઓ કેવાં.

| | | |
|---|---|---|
| વૈદ | જૈન | પપૈયું |
| પૈડું | રવૈયો | સૈનિક |
| પૈસો | કૈલાસ | તૈયારી |

- વૈદ દવા આપે છે.
- પૈડું ગોળ ગોળ ફરે છે.
- કૈલાસને પપૈયું ભાવે છે.
- ગવૈયો ગાયન ગાય છે.
- જાનૈયા થૈ થૈ નાચે છે.

- વૈદ દવા આપે.
- દવા સાજા કરે.
- પપૈયું મીઠું લાગે.

# પગલું ૨૨

ગૌશાળા

અમારા ગામમાં ગૌશાળા છે.
ગૌશાળા ખૂબ મોટી છે.
ગૌતમ અને નૌતમ ગૌશાળામાં ગયા.
ગાયો ચરીને ગૌશાળામાં પાછી આવી.
ગોવાળ ગાયોને દોહે છે.
ગાયનું દૂધ મીઠું હોય છે.
દૂધ સૌને ભાવે છે.

| | | |
|---|---|---|
| ચૌદ | ચૌદસ | મૌખિક |
| નૌકા | કૌરવ | સૌરભ |
| પૌંઆ | કૌશિક | મૌલવી |

- તાડનું ઝાડ ઊંચું છે.
- ઘરમાં હું સૌથી નાની છું.
- સૌથી મોટા દાદા છે.
- આજે મૌખિક કસોટી છે.

- આ સૌ મારા ભાઈબંધ છે.
- આ છે કૌશિક.
- આ છે સૌરભ.
- આ છે કૌસલ.

- કૌશલ સૌથી ઊંચો છે.
- ગૌરવ સૌથી નીચો છે.
- સૌરભ સૌને હસાવે છે.

# પગલું ૨૩

સવાર થયું.
હું વહેલો વહેલો જાગ્યો.
જાગીને દાંત ઘસ્યા.
દાતણ કરીને દોડયો.
નાહીને મેં વાળ ઓળ્યા.
બાએ મને નાસ્તો આપ્યો.
પછી હું નિશાળે જવા નિકળ્યો.
રસ્તામાં મારો ભાઈબંધ મળ્યો.
આજે શાળામાં ધ્વજવંદન થયું.

| | | | |
|---|---|---|---|
| ધ્વજ | સ્વાદ | શબ્દ | સસ્તી |
| સ્નાન | અભ્યાસ | સ્લેટ | અબ્દુલ |
| સંખ્યા | કયારા | પ્યાલો | મસ્જિદ |

- મેં બા પાસે નાસ્તો માગ્યો.
- બાએ મને કેળાં આપ્યાં.
- પછી હું રમવા દોડયો.
- મેં ભાઈબંધોને બોલાવ્યા.
- અમે લંગડી રમવા લાગ્યા.

- સવારે સૂરજ ઊગ્યો.
- મેં કાગળ લખ્યો.
- અમે આંગણું વાળ્યુ.
- મોહને પ્યાલો ઘસ્યો.
- તમે પુસ્તક વાંચ્યુ.
- ઠંડો પવન આવ્યો.
- આકાશમાં ચાંદો નિકળ્યો.
- મેં કેરીનો સ્વાદ ચાખ્યો.
- અમે મજૂરનુ પૈસા આપ્યા.

# પગલું ૨૪

અમે એક બિલ્લી પાળી છે.
તેને બે બચ્ચાં છે.
બન્ને બચ્ચાં બહુ રૂપાળાં છે.
બચ્ચાં બિલ્લી પાછળ દોડે છે.
બચ્ચાં બિલ્લી સાથે ગેલ કરે છે.
બિલ્લી તેમને ચાટે છે.
હું બચ્ચાંને રમાડું છું.
હું તે બન્નેને દૂધ પાઉં છું.
મને બિલ્લીનાં બચ્ચાં ગમે છે.

| | | | |
|---|---|---|---|
| ફોલ્લો | ચપ્પુ | ગલ્લો | ગમ્મત |
| અક્કલ | વચ્ચે | કન્ના | અધ્ધર |
| ગિલ્લી | ચોખ્ખું | પથ્થર | પત્તું |

- બાએ પટ્ટી બાંધી.
- અમે પથ્થર ગોઠવ્યા.
- મેં ચપ્પુથી કેરી કાપી.
- મહેશે પતંગની કન્ના બાંધી.
- એક બચ્ચું બોલ્યું.

# પગલું ૨૫

આજે દિવાળી છે.
હું અને ગૌતમ વહેલા ઊઠયા.
ગૌતમે આંગણું વાળ્યું.
મેં ઘર વાળ્યું.
અમે બન્નેએ આંગણામાં રંગોળી પુરી.
અમે વહેલા નાહી, કપડાં પહેરી તૈયાર થયા.
સૌએ સાથે નાસ્તો કરી લીધો.
નાસ્તો કરવાની મજા આવી.
સાંજે આંગણામાં, ગોખલામાં દીવા મુકયા.
મામા ફટાકડા લાવ્યાઃ
તારામંડળ, ચકરડી, કોઠી અને ટેટા.
ફડાકડા ફોડવાની મજા આવી.
તૈયાર થઈ ફરવાની મજા આવી.

| | | | | |
|---|---|---|---|---|
| ચૈતર | નૌકા | એન્જિન | ચિઠ્ઠી | રેંટિયો |
| વૈશાખ | સૌ | પ્યાલો | નક્કી | કવિતા |
| તૈયારી | ચૌદ | રસ્તો | મુન્નો | ખિસકોલી |
| પૈડું | કૌરવ | ડબ્બો | અત્તર | શિંગોડાં |

•કાકાકૌઆ ઊડે છે.
•વનિતાએ કૂદકો લગાવ્યો.
•અમે શાળાનો ચોક વાળ્યો.
•ગૌતમ લગાવી અત્તર તૈયાર થવા લાગ્યો.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ગાળવું | ➔ | ગાળ્યો | વાંચવું | ➔ | વાંચ્યો |
| કાપવું | ➔ | કાપ્યો | લખવું | ➔ | લખ્યો |

| | | | | | |
|---|---|---|---|---|---|
| બેસવું | ➔ | બેસનાર | લખવું | ➔ | લખનાર |
| ખાવું | ➔ | ખાનાર | વાંચવું | ➔ | વાંચનાર |
| શોધવું | ➔ | શોધનાર | ખેડવું | ➔ | ખેડનાર |
| દોડવું | ➔ | દોડનાર | આપવું | ➔ | આપનાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| રમું | ➔ | રમાડું | રડું | ➔ | રડાવું |
| જમું | ➔ | જમાડું | દોડું | ➔ | દોડાવું |
| ચડું | ➔ | ચડાવું | ભણું | ➔ | ભણાવું |